# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૮૮૩/૨૦૧૪ તા.૩૦/૧૦/૨૦૧૪

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચ મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૩૧/૧૦/૨૦૧૪ ના રોજ સવાર કલાક ૫/૦૦ થી કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વલ્લભસદન રીવરફ્રન્ટ ડીલાઇટ ચાર રસ્તા ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેરમાર્ગો ઉપર નીચે મુજબના વિસ્તારોમાં રન ફોર યુનિટીનાં આયોજન દરમ્યાન રસ્તો બંધ કરવા/ડાયવરઝન કરવામાં આવે છે.

**તા.૩૧/૧૦/૨૦૧૪ ના સવાર કલાક ૫/૦૦ થી ૧૦/૦૦ સુધી નીચે મુજબના રન ફોર યુનિટીનો રૂટ ઉપર આવતાં નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે સદંતર બંધ રહેશે.(સમગ્ર રૂટ નો-વ્હીકલ ઝોન રહેશે.)**

**રન ફોર યુનિટીનો રૂટ:-** આ રન ફોર યુનિટી પ્રોગ્રામ વલ્લભસદન રીવરફ્રન્ટથી શરૂ થઇ ડીલાઇટ ચાર રસ્તાથી જમણીબાજુ રોંગ સાઇડમાં વળી બુટાસિંગ ચાર રસ્તા ,ઇન્કમટેક્ષ ચાર રસ્તા થઇ અંજતા કોર્મશીયલ સેન્ટરના નાકેથી જમણી બાજુવળી પંચમુખી હનુમાન મંદિર ચાર રસ્તા થઇ ઉસ્માનપુરા રીવરફ્રન્ટમાં થઇ રીવરફ્રન્ટના અંદરના રોડ પર થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ ખાતે પુર્ણ થશે.

**બંધ કરવાનો માર્ગ:-**

(૧) ઉસ્માનપુરા ચાર રસ્તાથી ઇન્કમટેક્ષ થઇ નહેરૂબ્રિજ ચાર રસ્તા માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૨) સ્ટેડીયમ પાંચ રસ્તાથી ઇન્કમટેક્ષ થઇ શાહપુર ચાર રસ્તા સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે

(૩) મીઠાખળી સર્કલથી ડીલાઇટ ચાર રસ્તા માર્ગ સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે

**વૈકલ્પિક માર્ગ:-**

(૧) ઉસ્માનપુરા ચાર રસ્તાથી સરદાર પટેલ બાવલા થઇ સ્ટેડીયમ પાંચ રસ્તા, નવરંગપુરા ચાર રસ્તા થઇ મીઠાખળી સર્કલ થઇ ગુજરાત કોલેજ, ઇન્ડર રેસીડેન્સી, માદલપુર ગરનાળા, ટાઉન હોલથી પાલડી, લાલદરવાજા તથા એસ.ટી. તરફ જઇ શકાશે.

(૨) નહેરૂબ્રિજ ચાર રસ્તાથી જમણી બાજુ વળી નહેરૂબ્રિજ ઉપર થઇ રીટઝ હોટલ કોર્નર, કામા હોટલ રોડ, ખાનપુર, શંકરભુવન, શાહપુર ચાર રસ્તા થઇ દુધેશ્વર દધિચી બ્રીજ થઇ વાડજ, સુભાષ સર્કલ થઇ આવ જા કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન અને આ કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા. ૩૧/૧૦/૨૦૧૪ ના કલાક ૫/૦૦ થી પ્રોગ્રામ પુરો ન થાય ત્યાં સુધી જરુરીયાત મુજબ પોલીસ દ્વારા અમલ કરાવવામાં આવશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૩૦/૧૦/૨૦૧૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૩૦/૧૦/૨૦૧૪
અમદાવાદ.

City Commissioner of Police * Ahmadabad

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
 ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
 ૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ રૂરલ
(૮) પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર